## સ્વચ્છતા અભિયાન પખવાડિયા નિમિતે અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રજતજયંતિ મહોત્સવ વર્ષ તથા ગુજરાત સરકારના સ્વચ્છતા અભિયાન પખવાડિયા નિમિતે બનાસકાંઠા રિજિયનના યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્ર નં. ૧૦૨૯, ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા, જી. બનાસકાંઠા ખાતે સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમનો અહેવાલ.

ડી.એન.પી.આર્ટસઅનેકોમર્સકોલેજડીસા,જી.બનાસકાંઠામાંતા.૨૮/૦૯/૨૦૧૮ શુક્રવારના રોજ ૧૧:૦૦ થી ૨:૦૦ કલાકે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ અંતર્ગત અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્ર નં. ૧૦૨૯ ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ ડીસા, જી. બનાસકાંઠા પર કેન્દ્રના વિદ્યાર્થીઓનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ આસીસ્ટંટ પ્રોફેસર અને બનાસકાંઠા રિજિયન હેડ ડૉ. દીપ્તિબા ગોહિલ, કન્સલ્ટન્ટ શ્રી ભાનુભાઈ પટેલ, કલાર્ક શ્રી મનીષભાઈ ઠાકોરે અને એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા કરેલ હતું. જયારે અભ્યાસકેન્દ્ર તરફથી સંયોજકશ્રી જીગ્નેશભાઇ વરવાડીયા, કોલેજના પ્રિન્સીપાલ શ્રી અમૃતભાઈ પટેલ, પ્રા. તેજસ બી. આઝાદ, પ્રા. કે. એમ. પટેલ, ડૉ. ભરતભાઈ એમ. પટેલ હજાર રહી સક્રિય ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ડૉ. દીપ્તિબા ગોહિલ, કોલેજના પ્રિન્સીપાલ શ્રી અમૃતભાઈ પટેલ અને ડૉ. જીગ્નેશભાઇ વરવાડીયાએ સ્વચ્છતા અને તેનું જીવનમાં મહત્વ વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને વ્યક્તિ, કુટુંબ, સમાજ, ગામ અને શહેરને સ્વચ્છ રાખવાથી માનસિક અને શારીરિક ફાયદાઓની સવિસ્તાર જાણકારી આપી હતી તેમજ વિદ્યાર્થીઓએ ગંદકી નહિ કરવા અને જો કોઈ ગંદકી કરતુ હોય તો તેને સમજાવવા અને અટકાવવા માટેનો સંકલ્પ કર્યો હતો. સદર કાર્યક્રમમાં "સ્વચ્છતાના મહત્વ" પર તત્કાલ નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત કોલેજ કેમ્પસમાં તમામ ઉપસ્થિત વ્યક્તિઓ અને વિદ્યાર્થીઓએ સાથે મળીને સફાઈની કામગીરી કરી હતી. સફાઈની કામગીરી બાદ કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો હતો.

સદર કાર્યક્રમના ફોટોગ્રાફ આ સાથે સામેલ છે.








MR. BHANUBHAI




DR. J.S.VARVADIYA






















MR. BHANUBHAI PATEL
(REGION-2 B.K.)





ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રજતજયંતી મહોત્સવ વર્ષ નિમિત્તે બનાસકાંઠા રિજિયનના યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્ર (1) સરકારી વિનયન કોલેજ, અમીરગઢ, અભ્યાસકેન્દ્ર નં. 1027, અને (2) બનાસ જનકલ્યાણ ટ્રસ્ટ, અમીરગઢ અભ્યાસકેન્દ્ર નં. 1008 જી. બનાસકાંઠામાં પ્રવેશ કેમ્પ દ્વારા કરેલ સંપર્કના આયોજનનો અહેવાલ.

(1) તા.12/9/2018 ના રોજ પ્રથમ સરકારી વિનયન કોલેજ અમીરગઢ અભ્યાસકેન્દ્ર નં.1027ની મુલાકાત લઈ સંસ્થાના વિદ્યાર્થીઓ સાથે બેઠક કરવામાં આવેલ જેમાં રિજિયન હેડ ડૉ. દીપ્તિબા ગોહિલ, કન્સલ્ટન્ટ ભાનુભાઈ પટેલ, કલાર્ક મનીષભાઈ ઠાકોર તથા સંસ્થાના પ્રિન્સીપાલ અને સ્ટાફગણ હાજર રહેલ. બેઠકમાં ડૉ. દીપ્તિબા ગોહિલ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો પરિચય, રજત જયંતી મહોત્સવ વર્ષ, દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ અને તેનું મહત્વ અને ફાયદા, યુનિવર્સિટી દ્વારા ઓફર કરતા વિવિધ અભ્યાસક્રમો ખાસ કરીને **BPP** અને **CCC**ની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ તથા સંસ્થાના સ્ટાફે ખુબ જ રસપૂર્વક ભાગ લીધો હતો. કેન્દ્રના સંયોજકશ્રી નરેશભાઈ ચૌધરી દ્વારા પણ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને યુનિવર્સિટીનો અભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામ આવ્યો હતો.

(2) તા. 12/9/2018 ના રોજ બપોર પછી કેન્દ્ર નં.1008 બનાસ જનકલ્યાણ ટ્રસ્ટ, અમીરગઢ જી. બનાસકાંઠા ખાતે સંસ્થાના 10 અને 12 ધોરણના વિદ્યાર્થીઓ સાથે બેઠક યોજવામાં આવેલ. સદર બેઠકમાં રિજિયન હેડ ડૉ. દીપ્તિબા ગોહિલ, કન્સલ્ટન્ટ ભાનુભાઈ પટેલ, કલાર્ક મનીષભાઈ ઠાકોર હાજર રહેલ. સંસ્થા તરફથી સંસ્થાના હેડ શ્રી રમણભાઈ પટેલ સંયોજકશ્રી હિતેન્દ્રકુમાર જોશી હાજર રહેલ. આ બેઠકમાં પણ ડૉ. દીપ્તિબા ગોહિલ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો પરિચય, રજત જયંતી મહોત્સવ વર્ષ, દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ અને તેનું મહત્વ અને ફાયદા, યુનિવર્સિટી દ્વારા ઓફર કરતા વિવિધ અભ્યાસક્રમો ખાસ કરીને મઁ અને ઝઝઝની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સદર સંસ્થા શાળાનું સંચાલન કરતી હોવાથી 1 થી 12 ધોરણના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે જેથી ધોરણ 10 તથા 12ના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા ચલાવતા મઁ અને જુદા જુદા પ્રમાણપત્ર અભ્યાસક્રમોની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સર્વે વિદ્યાર્થીઓએ અને સંસ્થાના સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શ્રી રમણભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને યુનિવર્સિટીનો અભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામ આવ્યો હતો.

બનાસકાંઠા રિજિયનના કુલ ૧૦ અભ્યાસ્કેન્દ્રોની ફેબ્રુઆરી-૨૦૧૮ અને ઓગસ્ટ-૨૦૧૮ની કુલ પ્રવેશ સંખ્યા નીચે મુજબ છે

| રિજિયન-02, બનાસકાંઠા | પ્રવેશ સંખ્યા ફેબ્રુઆરી- 2018 | પ્રવેશ સંખ્યા ઓગસ્ટ-2018 |
|---|---|---|
| | ૨૨૮૪ | ૮૩૭૯ |

આ સાથે સદર કાર્યક્રમના ફોટોગ્રાફ્સ રજુ કરેલ છે.

(૧) સરકારી વિનયન કોલેજ અમીરગઢ અભ્યાસકેન્દ્ર નં. ૧૦૨૭ના ફોટોગ્રાફ












(૨) બનાસ જનકલ્યાણ ટ્રસ્ટ, અમીરગઢ અભ્યાસકેન્દ્ર નં. ૧૦૦૮ના ફોટોગ્રાફ






